સભાગૃહમાં રજૂ થયા
તારીખ- /૦૨/૨૦૨૪

રાજચિન્હ

# અંદાજ સમિતિ
# બીજો અહેવાલ
# પંદરમી ગુજરાત વિધાનસભા

(નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ(પાણી પુરવઠા વિભાગ), ગૃહ વિભાગ અને શિક્ષણ વિભાગ)

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત

ગુજરાત વિધાનસભા સચિવાલય,
વિઠ્ઠલભાઈ પટેલ ભવન,
સેક્ટર-૧૦,
ગાંધીનગર-૩૮૨૦૧૦

# અનુક્રમણિકા



| ક્રમાંક | વિગત | પાના નંબર |
|---|---|---|
| ૧ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ (પાણી પુરવઠા વિભાગ) | ૧ |
| ૨ | ગૃહ વિભાગ | ૩ |
| ૩ | શિક્ષણ વિભાગ | ૬ |
| ૪. | મુખ્ય નિર્ણયો / ભલામણોનો સારાંશ | ૧૨ |

અંદાજ સમિતિ

(સન ૨૦૨૩-૨૪)

<u>પ્રમુખશ્રી</u>

શ્રીમતી મનીષાબેન વકીલ

<u>સભ્યશ્રીઓ</u>

ડૉ. તુષાર ચૌધરી

શ્રી બલરાજસિંહ ચૌહાણ

શ્રી કનુભાઈ પટેલ

શ્રી હર્ષદકુમાર પટેલ

શ્રી ભગવાનજીભાઈ કરગટીયા

શ્રી ભગાભાઈ બારડ

શ્રી મહંત શંભૂનાથ ટુંડિયા

શ્રી ગોવિંદભાઈ પરમાર

શ્રી અર્જુનસિંહ ચૌહાણ

શ્રી માનસિંહ ચૌહાણ

શ્રી જયદ્રથસિંહજી પરમાર

શ્રીમતી સંગીતાબેન પાટીલ

શ્રી વિનોદભાઈ મોરડીયા

શ્રી અરવિંદ પટેલ

<u>ગુજરાત વિધાનસભા સચિવાલય</u>

| | |
|---|---|
| શ્રી ડી. એમ. પટેલ, | સચિવ |
| શ્રીમતી રીટા મહેતા, | સંયુક્ત સચિવ |
| કુ. ડી.કે.મુનીઆ, | ઉપ સચિવ |
| શ્રીમતી નઝમા મેરૂજય, | સેક્શન અધિકારી |

અંદાજ સમિતિ

(સન ૨૦૨૨-૨૩)

<u>પ્રમુખશ્રી</u>

શ્રી બાબુભાઇ બોખીરીયા

<u>સભ્યશ્રીઓ</u>

શ્રી દિલીપકુમાર ઠાકોર

શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા

શ્રી શંભુજી ઠાકોર

શ્રી હિંમતસિંહ પટેલ

શ્રી સુરેશભાઇ પટેલ

શ્રી નૌશાદ સોલંકી

શ્રી ઋત્વિકભાઇ મકવાણા

શ્રીમતી વિભાવરીબેન દવે

શ્રી સી.કે. રાઉલજી

શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા

શ્રી મોહનસિંહ રાઠવા

શ્રી કિશોર કાનાણી (કુમાર)

શ્રી પુનાભાઇ ગામીત

શ્રી ભરતભાઇ પટેલ

<u>ગુજરાત વિધાનસભા સચિવાલય</u>

| | |
|---|---|
| શ્રી ડી. એમ. પટેલ, | સચિવ |
| શ્રીમતી રીટા મહેતા, | નાયબ સચિવ |
| કુ. ડી.કે.મુનીઆ, | ઉપ સચિવ |
| શ્રીમતી નઝમા મેફુજય, | સેક્શન અધિકારી |

અંદાજ સમિતિ

(સન ૨૦૨૧-૨૨)

<u>પ્રમુખશ્રી</u>

શ્રી બાબુભાઇ બોખીરીયા

<u>સભ્યશ્રીઓ</u>

શ્રી દિલીપકુમાર ઠાકોર

શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા

શ્રી શંભુજી ઠાકોર

શ્રી હિંમતસિંહ પટેલ

શ્રી સુરેશભાઇ પટેલ

શ્રી નૌશાદ સોલંકી

શ્રી ઋત્વિકભાઇ મકવાણા

શ્રીમતી વિભાવરીબેન દવે

શ્રી સી.કે. રાઉલજી

શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા

શ્રી મોહનસિંહ રાઠવા

શ્રી કિશોર કાનાણી (કુમાર)

શ્રી પુનાભાઇ ગામીત

શ્રી ભરતભાઇ પટેલ

<u>ગુજરાત વિધાનસભા સચિવાલય</u>

| | |
|---|---|
| શ્રી ડી. એમ. પટેલ, | સચિવ |
| શ્રીમતી રીટા મહેતા, | નાયબ સચિવ |
| કુ. ડી.કે.મુનીઆ, | ઉપ સચિવ |
| શ્રીમતી નઝમા મેરૂજય, | સેક્શન અધિકારી |

અંદાજ સમિતિ

(સન ૨૦૨૧-૨૨)

<u>પ્રમુખશ્રી</u>

શ્રી બાબુભાઇ બોખીરીયા

<u>સભ્યશ્રીઓ</u>

શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા

શ્રી શંભુજી ઠાકોર

શ્રી હિંમતસિંહ પટેલ

શ્રી સુરેશભાઇ પટેલ

શ્રી નૌશાદ સોલંકી

શ્રી ઋત્વિકભાઇ મકવાણા

@શ્રી રાઘવજીભાઈ પટેલ

* શ્રી જેઠાભાઈ ભરવાડ

શ્રી સી.કે. રાઉલજી

શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા

શ્રી મોહનસિંહ રાઠવા

$ શ્રી વિનોદભાઈ મોરડીયા

શ્રી પુનાભાઇ ગામીત

શ્રી ભરતભાઇ પટેલ

<u>ગુજરાત વિધાનસભા સચિવાલય</u>

| | |
|---|---|
| શ્રી ડી. એમ. પટેલ, | સચિવ |
| શ્રીમતી રીટા મહેતા, | નાયબ સચિવ |
| કુ. ડી.કે.મુનીઆ, | ઉપ સચિવ |
| શ્રીમતી નઝમા મેરૂજય, | સેક્શન અધિકારી |

* શ્રી જેઠાભાઈ ભરવાડ તા. ૨૭/૯/૨૦૨૧ના રોજ ઉપાધ્યક્ષપદે નિયુક્ત થતા તા. ૨૭/૯/૨૦૨૧ના રોજ તેઓ સમિતિના સભ્ય ગણાતા બંધ થયા. તેમજ @ શ્રી રાઘવજીભાઈ પટેલ અને $ શ્રી વિનોદભાઈ મોરડીયા તા.૧૬/૦૯/૨૦૨૧ના રોજ મંત્રીપદે નિયુક્ત થતાં તે દિવસથી સમિતિના સભ્યો ગણાતા બંધ થયા. ઉક્ત ખાલી પડેલ જગ્યાઓ ઉપર શ્રી દિલીપકુમાર ઠાકોર, શ્રીમતી વિભાવરીબેન દવે અને શ્રી કિશોર કાનાણી (કુમાર)ની નિમણૂક માન.અધ્યક્ષશ્રી દ્વારા કરવામાં આવી.

## <u>અહેવાલ</u>

૧. હું અંદાજ સમિતિના પ્રમુખ તરીકે પંદરમી ગુજરાત વિધાનસભાની અંદાજ સમિતિ વતી સમિતિનો બીજો અહેવાલ રજૂ કરુ છું.

૨. સન ૨૦૨૧-૨૨, ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪ની અંદાજ સમિતિએ તપાસ કરવા માટે વિવિધ વિભાગો પાસેથી સાહિત્ય મંગાવ્યું હતું. તે પૈકી નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ(પાણી પુરવઠા વિભાગ), ગૃહ વિભાગ અને શિક્ષણ વિભાગને લગતી તપાસ સમિતિએ હાથ ધરી હતી. ઉક્ત તપાસ અનુસંધાને સમિતિએ કરેલા અવલોકનોને લગતો આ અહેવાલ સમિતિએ તેની તા.૦૨/૦૨/૨૦૨૪ના રોજ મળેલ બેઠકમાં મંજૂર કર્યો હતો.

### <u>નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ (પાણી પુરવઠા વિભાગ)</u>

૩. ગુજરાત વિધાનસભાની અંદાજ સમિતિએ તેની તા.૦૨/૦૫/૨૦૨૨ અને તા.૧૭/૦૫/૨૦૨૨ના રોજ મળેલ બેઠકમાં નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ(પાણી પુરવઠા વિભાગ) દ્વારા તા.૦૭/૦૪/૨૦૨૨ના રોજ મળેલ મૂળ સાહિત્યની તપાસ હાથ ધરી હતી.

૪. સમિતિએ મોકલાવેલા સાહિત્યમાં રાજ્યમાં પીવાના પાણીની વિવિધ પ્રકારની યોજનાઓ જેમાં સ્થાનિક સ્ત્રોત આધારિત માત્ર એક ગામની વ્યક્તિગત પાણી પુરવઠા યોજના, દુર અંતરના સ્ત્રોત આધારિત એક કરતા વધુ ગામો માટેની જુથ પાણી પુરવઠા યોજના, ડુંગરાળ અને છુટા છવાયા વિસ્તારોમાં હેન્ડપંપ તથા મીની પાઇપ પાણી પુરવઠા યોજનાઓનું નિર્માણ કરી ગ્રામ્ય વિસ્તારના નાગરિકોને પીવાના પાણીની સગવડ ઉભી કરવા વિશેની માહિતી આપવામાં આવી હતી.

સમિતિની તા.૦૨/૦૫/૨૦૨૨ના રોજ મળેલ બેઠકમાં વિભાગે મોકલાવેલ સાહિત્યના અનુસંધાનમાં સમિતિએ વિભાગના પ્રતિનિધિઓની રૂબરૂ તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન સમિતિએ ગ્રામ્ય વિસ્તારમાં પીવાનું શુધ્ધ પાણી જરૂરી માત્રામાં પૂરૂ પાડવા માટેના આયોજન અને રાજયમાં પીવાના પાણીની વિવિધ પ્રકારની યોજનાઓ સંબંધમાં પૃચ્છા કરી હતી. જેના અનુસંધાને વિભાગના પ્રતિનિધિએ સમિતિને જણાવ્યું હતું કે, ગુજરાત રાજયનું પાણી પુરવઠાનું માળખુ ત્રિ-સ્તરીય છે. જેના માટે બલ્ક પાઈપલાઈનની યોજના કરવામાં આવે છે. જે વિસ્તારમાં પાણીના લોકલ સ્ત્રોત નથી ત્યાં દૂરના વિસ્તારમાંથી પાણીના સ્ત્રોત લાવીને ક્લસ્ટર ઓફ વિલેજમાં છોડવામાં આવે છે. વધુમાં, ભારત સરકારે ઓગસ્ટ, ૨૦૧૯માં જલજીવન મિશનની જાહેરાત કરી તે અંતર્ગત તમામ ગામોમાં ૧૦૦ ટકા ઘર સુધી પાઈપ લાઇન મારફત પીવાનુ શુધ્ધ પાણી પુરૂ પાડવાની કામગીરી ચાલુ છે. આ તબક્કે <u>આદિવાસી વિસ્તારો કે, જે જંગલ વિસ્તારો સાથે જોડાયેલા છે તેવા વિસ્તારો માટે પાણીના નવા સ્ત્રોત ઉભા કરવા</u>

જરૂરી છે જે માટે સિંચાઈ વિભાગ, વન વિભાગ અને નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ(પાણી પુરવઠા વિભાગ) ભેગા થઈ વન વિભાગને ગ્રાન્ટ આપે તો તે વિસ્તારોમાં પીવાના પાણીના નવા સ્ત્રોત ઉભા કરી શકાય. આ અંગે જરૂરી કાર્યવાહી કરવા સમિતિ ભલામણ કરે છે.

૫. વિભાગના સાહિત્યમાં જણાવ્યા મુજબ લોકભાગીદારી આધારીત આંતરિક ગ્રામ્ય પાણી પુરવઠા યોજનાઓનું અમલીકરણ અને વ્યવસ્થાપન, વોટર એન્ડ સેનીટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઈઝેશન (વાસ્મો) દ્વારા કરવામાં આવે છે. આ વ્યવસ્થાપન માટે લોકભાગીદારીથી સ્વજલ ધારા, સેકટર રિફોર્મ (સ્ટેટ) જેવી યોજનાઓ અગાઉથી ચાલુ છે. આ યોજનાઓના અમલ માટે ગુજરાત સરકારના ઠરાવ ક્રમાંક:પરચ/૨૦૦૨/૧૦૮૨/ચ તા.૨૪/૧૦/૨૦૦૨ થી ગ્રામ્ય કક્ષાએ પાણી સમિતિની રચના કરવાની થાય છે ગુજરાત રાજયના મોટાભાગના ગામો અને પરાઓમાં પાણી સમિતિની રચના થઈ ગયેલ છે. દર વર્ષે આ સમિતિઓનું મૂલ્યાંકન થાય છે અને કાર્યક્ષમતામાં વધારાના હેતુથી સને ૨૦૧૧-૧૨ થી "પાણી સમિતિ પુરસ્કાર" યોજનાનું આયોજન કરવામાં આવેલ છે. ઉક્ત ચર્ચા દરમિયાન સમિતિની પૃચ્છામાં વિભાગના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે, જે ગામને પાણી પુરવઠા યોજના કરવી હોય અને ગામ પહેલ કરે તો ગામના લોકો લોકફાળો ભેગો કરે છે. 'નલ સે જલ'ની રાજય સરકારની યોજના અન્વયે ઘણી જગ્યાએ લોકફાળો અને શ્રમ ફાળો લઈને કામગીરી કરવામાં આવે છે. સમિતિની બેઠકમાં પાણીના લોકલ સ્ત્રોતો વિકસાવવા તેમજ પાણીની જ્યાંથી શરૂઆત થાય અને જ્યાં પહોંચે ત્યાં મીટર મૂકી બંન્નેની જવાબદારી ફિક્સ કરી પાણીની ચોરી અટકાવવા માટે પગલા લેવા સૂચન પણ કરવામાં આવ્યું હતું. પાણી રસ્તામાં ચોરાઈ જાય નહિ તે માટે મીટર મૂકવાની પધ્ધતિ અખત્યાર કરી પાણીની ચોરી અટકાવી શકાય છે. તેમ પણ જણાવ્યું હતું. સમિતિની બેઠકમાં પાણીના બગાડ વિશેની ચર્ચા દરમિયાન સમિતિએ સૂચવ્યું હતું કે, પાઈપ લાઇનમાં જ્યાંથી પાણી દાખલ થાય છે. ત્યાં મીટર મૂકવું જોઇએ કે જેથી પાણી કેટલુ આપ્યું, પાણીનો જથ્થો કેટલો પહોંચ્યો અને રસ્તામાં પાણી ક્યાં લીકેજ થયું તે જાણી શકાય. તદ્દપરાંત ઘર સુધી મીટર જાય એમાં ઘરના માણસો નોંધાયેલા હોવા જોઈએ અને તેનો ક્રાઈટેરિયા નિયત કર્યા પછી પાણીનો ભાવ સબસિડાઇઝડ લેવો જોઇએ. આ રીતે સરકાર પાણીનો બગાડ અટકાવી શકે છે તે મુજબની જરૂરી કાર્યવાહી કરવા સમિતિ ભલામણ કરે છે.

વધુમાં , સમગ્ર ગુજરાતમાં વાસ્મો દ્વારા પાઈપ લાઈનનું નેટવર્ક પૂર્ણતાના આરે છે. આથી આ નેટવર્ક દ્વારા વહેલીમાં વહેલી તકે પાણીનો સ્ત્રોત ઉપલબ્ધ થાય અને ઘરે-ઘરે પાણી વિતરણ થઈ શકે તે માટેની વ્યવસ્થા ગોઠવવા સમિતિ ભલામણ કરે છે.

૬. સમિતિની બેઠકમાં વિભાગના લેખિત સાહિત્યના સંદર્ભમાં પૃચ્છા કરતાં વિભાગના પ્રતિનિધિએ ડોમેસ્ટિક વોટર સપ્લાય પ્રોટેક્શન એક્ટ જુલાઈ-૨૦૧૯માં પસાર કરેલ છે, તેમજ તેનો અમલ અને લોકોમાં

તેની જાગૃતિ વધે તે માટેના પ્રયત્નો કરવામાં આવે છે, તેમ જણાવ્યું હતું. વોટર ઓડિટની જોગવાઈ વિશે પણ બેઠકમાં માહિતી આપી હતી. કે જેમાં દરેક સત્તામંડળ એટલે કે, ગ્રામ પંચાયત, નગરપાલિકા, કોર્પોરેશન, GWIL, GWSSBએ દરેકને વાર્ષિક વોટર ઓડિટ કરવાની જોગવાઈ છે. આ ઓડિટમાં પાણીના સ્ત્રોતનું, પાણીની જરૂરિયાતની સામે કેટલો વપરાશ થાય છે, એમાં કેટલો બગાડ થાય છે એનું પણ ઓડિટ થાય છે. સમિતિની બેઠકમાં "ટ્રિટેડ વેસ્ટ વોટર"નીતિ વિશે પણ ચર્ચા કરવામાં આવી હતી. " ટ્રિટેડ વેસ્ટ વોટર "ની નીતિનો હેતું ગટરના ગંદા પાણીનું મહત્તમ એકત્રીકરણ કરવું અને તેનું શુધ્ધિકરણ કરી પીવા સિવાય અન્ય હેતુ જેવા કે, ઔદ્યોગિક વપરાશ, બાગ બગીચા, બાંધકામ જેવા હેતુસર ઉપયોગ કરી શુધ્ધ પાણીના જળસંશાધનો પરની નિર્ભરતા ઘટાડવાનો છે. રાજ્ય સરકાર દ્વારા તા.૨૮/૦૫/૨૦૧૮ના રોજ ગટરના શુધ્ધિકરણ કરાયેલા પાણીના પુન:ઉપયોગ અંગેની "ટ્રિટેડ વેસ્ટ વોટર"ની નીતિના હેતુ વિશે ચર્ચા કરવામાં આવી હતી. સમિતિની બેઠકમાં ભાવનગરના ટ્રીટેડ વેસ્ટ વોટર પ્લાન્ટનો અભ્યાસ પ્રવાસ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો. સમિતિની તા.૧૭/૦૫/૨૦૨૨ના રોજની બેઠકમાં વિભાગને લગતી ટેકનીકલ બાબતો, વિવિધ યોજનાઓમાં ખર્ચાઓની જોગવાઈ, ડિસેલીનેશન પ્લાન્ટ વિશે, એસ.સી. અને એસ.ટી વિસ્તારોમાં પાણી પુરવઠા માટેની યોજનાઓ અંગે વિગતવાર ચર્ચા કરી હતી.

૭. સમિતિની બેઠકમાં રીજ્યુએશન સ્કીમ વિશે ચર્ચા કરવામાં આવી હતી. <u>ગામની પોતાની આંતરિક સ્કીમની જોગવાઈમાં બોર ફેઈલ થવા કે, પમ્પીંગ મશીનરી બગડવાના કિસ્સામાં ગ્રામ પંચાયત રજૂઆત કરે તો તેનું રીપ્લેસમેન્ટ વિભાગ કરી આપે છે. જેમાં જનરલમાં દસ ટકા અને એસ.સી. વિસ્તારમાં અઢી ટકા રકમ લોકફાળા સ્વરૂપે લેવામાં આવે છે. આ તબક્કે સમિતિ ભલામણ કરે છે કે, રીજ્યુએશન સ્કીમ નીચે એસ.સી. વિસ્તારોમાં અઢી ટકા લોકફાળો લેવામાં આવે છે, એમાંથી મુક્તિ આપવી જોઈએ.</u>

૮. સમિતિની બેઠકમાં વિવિધ કામોના ટેન્ડરના પ્રશ્નો અંગેની વિવિધ ભલામણો સાથે વિભાગની તપાસ પૂર્ણ કરી હતી. સમિતિની તપાસ અર્થે વિભાગના અધિકારીઓએ બેઠકમાં ઉપસ્થિત રહીને સમિતિને શકય તેટલી માહિતી પૂરી પાડવા અંગે આપેલ સહકારની નોંધ લઈ સમિતિએ વિભાગની તપાસ પૂરી જાહેર કરી.

## <u>ગૃહ વિભાગ</u>

૯. ગુજરાત વિધાનસભાની અંદાજ સમિતિએ તેની તા.૦૨/૦૮/૨૦૨૨ અને તા.30/૦૮/૨૦૨૨ના રોજ મળેલ બેઠકમાં વિભાગ દ્વારા તા.૨૦/૦૪/૨૦૨૨ના રોજ મળેલ સાહિત્યની તપાસ હાથ ધરી હતી.

૧૦. વિભાગે મોકલેલ સાહિત્ય સંબંધમાં સમિતિએ વિભાગના પ્રતિનિધિઓની રૂબરૂ તપાસ હાથ ધરી હતી. સમિતિની બેઠકમાં A.C.B., વિજીલન્સ કમિશન, એન.આઈ.એ., નાર્કોટિક્સ વિભાગની કામગીરી તેમજ

એક્સટોર્શનને લગતી બાબતો વિશે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. વિભાગે મોકલેલ સાહિત્યમાં લાંચરૂશ્વત બ્યુરોની કાર્યપધ્ધતિ દર્શાવવામાં આવી હતી. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮ મુજબની જોગવાઈઓ અંતર્ગત લાંચરૂશ્વત બ્યુરો દ્વારા વિવિધ ચાર પ્રકારે કામગીરી કરવામાં આવે છે. ૧. ટ્રેપ કેસ, ૨. ડિકોય કેસ, ૩. અપ્રમાણસર મિલકત વિરૂધ્ધના કેસ અને ૪. લાંચ અને અપ્રમાણસર મિલકત અંગેના આક્ષેપોની અરજીઓની તપાસ, A.C.B.ની કામગીરી તેમજ તેના કેસો વિશેની ચર્ચા દરમિયાન સમિતિએ પૃચ્છા કરતા વિભાગના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે, જે લોકો હેલ્પ લાઈનમાં ફરિયાદ કરે ત્યાં A.C.B. ટ્રેપ કરે છે. તેમજ આવક કરતાં સંપત્તિ વધારે હોય એવા કેસોની પણ તપાસ કરવામાં આવે છે. એક્સટોર્શન માટેની અરજીઓમાં જિલ્લા પોલીસ તરફથી ગુનો દાખલ થાય છે. સરકારી કર્મચારી તરફથી પ્રાઈવેટ લોકો લાંચ લેતા હોય તો તેમાં A.C.B. કેસ કરતી હોય છે. જ્યારે પ્રાઇવેટ વ્યક્તિની બાબતમાં પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થાય છે. ધરપકડ અને ચાર્જસીટ વગેરે કાર્યવાહી થાય છે. પ્રાઇવેટ વ્યક્તિમાં એક્સટોર્શન લાગતું હોઈ કાર્યવાહી સહેલાઈથી થઈ શકે છે. A.C.B.ની કાર્યવાહીમાં પુરાવા, ટેકનીકલ એવિડન્સ હોવો જોઈએ પૂરતા પુરાવા સાથે જ A.C.B. કાર્યવાહી કરે છે.

૧૧. રાજયમાં સુરક્ષા માટે સી.સી.ટી.વી. વ્યવસ્થા વિશે પણ સમિતિની બેઠકમાં વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. વિભાગના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે, ૧. મહાનગરોમાં સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અંતર્ગત સી.સી.ટી.વી. કેમેરા લગાડવામાં આવે છે. ૨. વિશ્વાસ પ્રોજેક્ટ અંતર્ગત મુખ્ય મથકો, યાત્રાધામો તથા સ્ટેચ્યુ ઓફ યુનિટી મળીને ૪૧ શહેરોમાં ૭૦૦૦ જેટલા કેમેરા સ્થાપિત કરવામાં આવ્યાં છે તેમજ ભવિષ્યમાં નાની નગર પાલિકાઓને આવરી લેવાનું પણ આયોજન છે. વધુમાં સમિતિની બેઠકમાં વિભાગના પ્રતિનિધિએ સમિતિનું ધ્યાન દોરતા માહિતી આપી હતી કે, ગુજરાત પબ્લિક સેફ્ટી મીજર્સ એન્ફોર્સમેન્ટ એક્ટ, ૨૦૨૨ પસાર કરેલ છે. તે અંતર્ગત જે શોપિંગ કોમ્પલેક્ષ, હોટલ્સ, સિનેમા હોલ, ઇન્ડસ્ટ્રીયલ એરિયા હોય એવી બધી જગ્યા કે, જ્યાં રોજ હજાર કરતા વધારે લોકો વિઝીટ કરતા હોય એવી જગ્યામાં પ્રવેશ/નિર્ગમન દ્વાર ઉપર અને નિર્ધારિત પાર્કિંગમાં સી.સી.ટી.વી કેમેરાની વ્યવસ્થાના અમલીકરણ માટે મ્યુનિસિપલ ઓથોરિટીઝ, ડિસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટ અને પોલીસ સહિત તમામ સંકલન કરીને તમામ મહત્વના સ્થળોને તેમા આવરીને કાર્યરત કરવામાં આવેલ છે. સમિતિની બેઠકમાં સી.સી.ટી.વી. કેમેરા સ્ટોર કરવા, લગાવવા અને એના ટેકનિકલ સ્પેસિફિકેશનના મુદ્દાની ચર્ચા દરમિયાન સમિતિએ ભલામણ કરી છે કે, <u>ધારાસભ્યે પોતાની ગ્રાન્ટમાંથી સી.સી.ટી.વી. કેમેરા માટે આપેલ રકમમાંથી ૧૦ થી ૧૫ ટકા મરામત માટે અલગ રાખી સરકાર પાસેથી તેની મંજૂરી મેળવી લેવી તેમજ તેની દેખભાળ પણ પોલીસ રાખે જેથી તેના મેન્ટેનસ અને મંજૂરીને લગતા વહીવટી પ્રશ્નો હલ થાય અને તેનું અમલીકરણ સારી રીતે થાય.</u>

૧૨. સમિતિએ તપાસ દરમિયાન પોલીસ સલાહકાર સમિતિમાં ધારાસભ્યોની નિમણૂંક અને તેની મિટિંગ બાબતે પણ ચર્ચા કરી હતી. સમિતિની બેઠકમાં નોર્કોટિક્સ વિભાગની કામગીરી વિશે પણ ચર્ચા કરવામાં

આવી હતી. વિભાગના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે, ACBમાં જે રીતે ડીકોય થાય છે તે રીતે ઘણી વખત આર્ટિફિશિયલ ડીમાન્ડ ક્રિયેટ કરી નોર્કોટિક્સને મંગાવવામાં આવે છે અને આ રીતે નાર્કોટિક્સ મોકલવાવાળાની ઓળખ થાય છે. ગુજરાતમાં ડી.આર.આઈ.એ. કસ્ટમની એજન્સી છે એની કામગીરીમાં સ્મગલીંગ એક્ટિવિટી અને નોર્કોટિક્સ પણ પકડાતા હોય છે. વધુમાં, 4G LTE System નવા પ્રકારની કોમ્યુનિકેશન ટેકનોલોજી વિશે પણ ચર્ચા થઈ હતી. વિભાગના પ્રતિનિધિએ માહિતી આપતા જણાવ્યું હતું કે, અમદાવાદ શહેરના અમુક વિસ્તારમાં સીંક્રોનાઇઝ સીસ્ટમ વસાવવાની પ્રક્રિયા કોર્પોરેશન દ્વારા હાથ ધરવામાં આવી છે. જેનાથી સમિતિએ સંતોષ વ્યક્ત કર્યો હતો.

૧૩. સમિતિની તા.૩૦/૦૮/૨૦૨૨ની બેઠકમાં એફ.એસ.એલ.ના આધુનિકીકરણ, દારૂગોળાની ખરીદી, નિર્ભયાફંડ માંથી થતા ખર્ચ, ગૃહ વિભાગ અંતર્ગતના વિવિધ ખાતાઓમાં અલગ અલગ કેડરોના મહેકમને લગતા વિવિધ પ્રશ્નો સંબંધે વિગતે ચર્ચા કરવામાં આવી હતી. સમિતિની બેઠકમાં વિભાગે મોકલાવેલ સાહિત્યમાં ઉલ્લેખિત ન્યાય સહાયક વિજ્ઞાનની કચેરી અને તેના આધુનિકરણના (એફ.એસ.એલ.) સંદર્ભમાં પણ ચર્ચા કરવામાં આવી હતી. એફ.એસ.એલ.નું મુખ્ય કર્તવ્ય કોઇપણ ગુનાના ઉકેલમાં વિજ્ઞાનની દ્રષ્ટીથી સહયોગ આપવો. ફોરેન્સિક સાયન્સ તપાસ એજન્સીઓને તેમજ ભૌતિક પુરાવાઓ મેળવવામાં સ્થળ પર વૈજ્ઞાનિક મદદ પૂરી પાડે છે. એકત્ર કરેલા પુરાવાઓ વિશે વૈજ્ઞાનિક અભિપ્રાય આપે છે. સમિતિએ મહિલા સુરક્ષા પાછળ નિર્ભયા ફંડમાં થતા ખર્ચ વિશે પણ પૃચ્છા કરી હતી. વિભાગના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે, મહિલા સુરક્ષા માટે દરેક પોલીસ સ્ટેશનને બે-બે ગાડી આપેલ છે અને તે કાર્યરત છે. અભયમ-૧૮૧ માટે ૪૦ વાહનો છે તેમાંથી ૧૨ ડબલ્યુ.સી.પી.ને આપેલ છે. સાઇબર ક્રાઈમ ઈન્વેસ્ટિગેશન યુનિટ ફક્ત મહિલાઓ માટે છે. વન સ્ટોપ સેન્ટર સિવિલ હોસ્પિટલમાં કાર્યરત છે. અને સોલા હોસ્પિટલમાં તેની કામગીરી ચાલુ છે. આમ, મહિલાઓની લીગલ, મેડિકલ અને સાઈકોલોજીકલ હેલ્પ એક જ પોઈન્ટ ઉપર મળી શકે તે માટે નિર્ભયાફંડમાંથી ખર્ચ કરવામાં આવે છે.

૧૪. સમિતિની બેઠકમાં તકેદારી આયોગની કામગીરી વિશેની ચર્ચા પણ કરવામાં આવી હતી. વિભાગના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે, લાંચરૂશ્વત, ભ્રષ્ટાચાર અને નાણાકિય ગેરરીતિઓ પ્રકારના આક્ષેપો ધરાવતી અરજી હોય તો આયોગ તપાસ કરાવી શકે છે. તકેદારી આયોગની કામગીરી ઝડપી થાય તે માટેના સુધારા સૂચવવા અને આયોગને મજબૂત કરવા માટેના પગલા લેવા સમિતિ ભલામણ કરે છે.

૧૫. સમિતિની બેઠકમાં એટ્રોસીટી એક્ટ અને લેન્ડ ગ્રેબીંગ એક્ટને લગતા પ્રશ્નો અંગે પણ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. વિભાગના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે, એટ્રોસીટીની ફરિયાદમાં લેન્ડની કોઈ પણ બાબત હોય ત્યારે પહેલા મહેસૂલ (મહેસૂલ વિભાગ) તેની માલિકી બાબતે હુકમ કરે તે પછી દબાણ થયેલુ છે તે નક્કી થાય અને ત્યારબાદ પોલીસ ફરિયાદ દાખલ થાય છે. એટ્રોસીટીમાં ફરિયાદ દાખલ કરતા

સમયે જમીનની કોઈ બાબત સંકળાયેલી હોય ત્યારે પોલીસ સીધે સીધી દખલ કરતા નથી. પહેલા મહેસૂલ વિભાગ નક્કી કરે ત્યાર બાદ તેમની એસ.આઈ.ટી. નક્કી કરે અને હુકમ કરે પછી ફરિયાદ દાખલ થાય છે. આ વિલંબ નિવારવા <u>સમિતિ ભલામણ કરે છે કે, એટ્રોસીટીની ફરિયાદમાં જે જમીન છે તે કોઈએ દબાવેલી છે કે, નહિ તે નક્કી કરવા બાબતે મહેસૂલ વિભાગ તાત્કાલિક કાર્યવાહી કરે જેથી પોલીસ તેની કાર્યવાહી ઝડપથી કરી શકે.</u>

૧૬. સમિતિની બેઠકમાં લેન્ડગ્રેબીંગ એક્ટની જોગવાઈ અને તેના અમલ વિશેની ચર્ચા દરમિયાન વિભાગના પ્રતિનિધિએ માહિતી આપી હતી કે, પ્રિવેન્શન ઓફ એટ્રોસિટી એક્ટની સેકશન.૪.૧.માં કોઈપણ અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત જનજાતિ સમુદાયની વ્યક્તિની કોઈ મિલકત બળજબરી પૂર્વક પડાવી લે અથવા એના પર ખેડાણ કરે ત્યારે એન્ક્રોચમેન્ટ થઈ રહ્યું હોય ત્યારે પોલીસ તાત્કાલિક સ્થળ પર જઈને દખલ કરી શકે છે. પરંતુ વર્ષો જૂની બાબત હોય તો રેવન્યુ અધિકારી વેરિફાય કરે અને તેની માપણી થાય અને ફરિયાદ દાખલ થાય. જયાં બાબત શંકાસ્પદ હોય ત્યાં રેવન્યુના અભિપ્રાય પછી પગલા લેવામાં આવે છે. <u>સમિતિની બેઠકમાં પોલીસ સલાહકાર સમિતિની વર્ષમાં દર ત્રણ મહિને બેઠક બોલાવવાની જોગવાઈ છે તે જોગવાઈનો અમલ કરી નિયમિત રીતે બેઠક બોલાવવા સમિતિ ભલામણ કરે છે.</u>

સમિતિની તપાસ અર્થે વિભાગના અધિકારીઓએ બેઠકમાં ઉપસ્થિત રહીને સમિતિને શક્ય તેટલી માહિતી પૂરી પાડવા અંગે તેમજ આપેલ સહકારની નોંધ લઈ સમિતિએ વિભાગની તપાસ પૂર્ણ જાહેર કરી.

## <u>શિક્ષણ વિભાગ</u>

૧૭. ગુજરાત વિધાનસભાની અંદાજ સમિતિએ તેની તા.૨૬/૦૬/૨૦૨૩, તા.૦૧/૦૮/૨૦૨૩ અને તા.૦૯/૧૦/૨૦૨૩ની બેઠકમાં શિક્ષણ વિભાગ દ્વારા તા.૨૪/૦૭/૨૦૨૩ના રોજ પૂરા પાડેલ સાહિત્યની તપાસ હાથ ધરી હતી.

૧૮. વિભાગે મોકલાવેલ સાહિત્યના અનુસંધાને સમિતિએ વિભાગના પ્રતિનિધિઓની રૂબરૂ તપાસ હાથ ધરી હતી. વિભાગના સાહિત્યની લેખિત માહિતીમાં ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ રજૂ કરવામાં આવેલ છે. તે અંતર્ગત ધોરણ-૧ પહેલાનું વર્ષ "બાલ વાટિકા" તરીકે શરૂ કરવા શિક્ષણ વિભાગ દ્વારા તા.૨૮/૦૪/૨૦૨૩ના રોજ ઠરાવ બહાર પાડવામાં આવેલ છે. આર.ટી.ઈ. એક્ટ-૨૦૦૯ની અનુસૂચિમાં કરવામાં આવેલ જોગવાઈ મુજબ વિદ્યાર્થી શિક્ષણ રેશિયોના આધારે પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોનું મહેકમ નક્કી કરવામાં આવે છે. સમિતિએ તેની તા.૨૬/૦૬/૨૦૨૩ની બેઠકમાં વિભાગની કામગીરી સંદર્ભમાં પૃચ્છા

કરતા વિભાગના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે, ભારત સરકારની એમ.એચ.આર.ડી. (મિનિસ્ટ્રી ઓફ હ્યુમન રિસર્ચ ડેવલપમેન્ટ)ના પેટર્ન ઉપર શિક્ષણ વિભાગમાં વહીવટી રીતે સેટઅપ બદલવામાં આવ્યું છે. જેમાં ૫ વર્ષથી મોટા અને ૬ વર્ષથી નાના બાળકો માટે બાલવાટિકા શરૂ કરવામાં આવેલ છે. સર્વ શિક્ષા અભિયાન જેને સમગ્ર શિક્ષા અભિયાન તરીકે નામ આપવામાં આવ્યું છે. જેમાં શાળાઓની તમામ માળખાકીય સુવિધાઓનો સમાવેશ થાય છે. જી.સી.ઈ.આર.ટી.ના ડાયરેક્ટર શિક્ષકોની તાલીમ અને ડાયેટની જવાબદારી સંભાળે છે. વિભાગ તરફથી શાળાઓના સંચાલનની, માળખાકીય સુવિધાઓ અને મહેકમને લગતી કામગીરી થતી હોય છે.

૧૯. સમિતિએ તેની ઉક્ત બેઠકમાં ટીચર્સ અપગ્રેડેશન માટેના વર્કશોપ વિશે પણ વિગતવાર ચર્ચા કરી હતી. આ તબક્કે વિભાગના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે, શિક્ષકોને પ્રિ-ઇન્ડકશન ટ્રેનિંગ, પોસ્ટ ઇન્ડકશન અને ઇન હાઉસ ટ્રેનિંગ આમ ત્રણ તબકક્કામાં ટ્રેનિંગ આપવામાં આવે છે. ભારત સરકારે નિષ્ઠા તાલીમ નામનું મોડ્યુલ તૈયાર કરેલ છે જેના દ્વારા શિક્ષકો ઓનલાઇન અને પાર્ટ ટાઇમ તાલીમ લઈ શકે છે. સમિતિની બેઠકમાં શિક્ષકોના ૫ વર્ષે થતા વર્કશોપ વિશે પણ વિગતે ચર્ચા કરવામાં આવી હતી. <u>શિક્ષણની પધ્ધતિ દર વર્ષે બદલાતી હોય છે શિક્ષકો શિક્ષણની અદ્યતન પધ્ધતિથી માહિતગાર થાય તે માટે શિક્ષકોના અપગ્રેડેશન માટેના વર્કશોપ જે દર ૫ વર્ષે થાય છે તેના સ્થાને દર વર્ષે કરવા સમિતિ ભલામણ કરે છે.</u>

૨૦. સમિતિએ બાલવાટીકા રજિસ્ટ્રેશન સંબંધમાં પૃચ્છા કરતા વિભાગના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે, સરકારી પ્રાથમિક શાળાઓ માટે વિભાગના સી.ટી.એમ. પોર્ટલમાં સીધી એન્ટ્રી થાય છે. સેલ્ફ ફાયનાન્સ શાળાઓ માટે પોર્ટલ બનાવવાની કામગીરી ચાલુ છે. બાલવાટિકા માટે સ્પેશિયલ ક્લાસ અને તેના બાંધકામ વિશેની ચર્ચા દરમિયાન સમિતિએ સૂચન કર્યું હતું કે, બાલવાટિકાના એક વર્ગનો વધારો થયો છે ત્યારે વધારાના વર્ગખંડો માટે અલગથી યોગ્ય આયોજન થવું જોઈએ. વિભાગના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે, રાજ્યમાં જર્જરિત ઓરડાના રીપેરીંગ અને રાઈટ ટુ એજ્યુકેશનમાં બાળકોની સંખ્યા સામે કેટલા ઓરડાની ઘટ છે તે માટેનું આયોજન અલગ અલગ તબક્કે છે. સમિતિ <u>બાલવાટીકામાં જે બાળકો પ્રવેશ મેળવવાના છે તેની અલગથી સુવિધા માટે અગાઉથી આયોજન કરવા ભલામણ કરે છે.</u>

આ તબક્કે <u>રાજ્યમાં જેટલી સ્કુલો છે તેની ઘટતી ભૌતિક સુવિધાઓ ધ્યાન ઉપર લાવી તેમાં જરૂરી સુધારો કરીને એજ્યુકેશન અને ઇન્ફ્રાસ્ટકચરમાં અગ્રેસર રહેવાની સમિતિ ભલામણ કરે છે.</u>

૨૧. સમિતિની ઉક્ત બેઠકમાં પ્રૌઢશિક્ષણ વિશેની પૃચ્છા સંબંધમાં વિભાગના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે, નવભારત સાક્ષરતા યોજના અને તેના માટે કેન્દ્ર સરકારની યોજના છે. જેમાં ''કોટલાસ'' નામની એપ્લીકેશન ઉપર ઓન લાઈન મોડથી નિરક્ષરોને સાક્ષર બનાવવાના છે. જેનો વ્યક્તિઓ ઉપયોગ કરી શકે તે માટે તેનો યોગ્ય પ્રચાર પ્રસાર કરવા માટે સમિતિએ જણાવ્યું, આ ઉપરાંત <u>શિક્ષક સંઘોના</u>

**પ્રતિનિધિઓની શાળાઓમાં પાંખી હાજરીની પરિસ્થિતિ નીવારવા તેમજ શિક્ષક સંઘોના પ્રતિનિધિઓ શાળામાં નિયમિત હાજરી આપે તે માટે જરૂરી પરિપત્ર કરી સૂચનાઓ પ્રસિધ્ધ કરવા સમિતિ ભલામણ કરે છે.**

૨૨. સમિતિની ઉક્ત બેઠકમાં પ્રવાસી શિક્ષક યોજના વિશેની માહિતી બાબતે ચર્ચા કરતા વિભાગના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે, વિભાગ દ્વારા તા.૨૨/૦૮/૨૦૨૨ના ઠરાવથી રાજ્યમાં આવેલ સરકારી અને અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં તાસદીઠ માનદ વેતનથી પ્રવાસી શિક્ષકોની નિમણૂંક આપવા અંગે મંજૂરી આપવામાં આવેલ હતી. વિભાગના તા.૦૪/૦૮/૨૦૨૨ના ઠરાવથી આપવામાં આવેલ મંજૂરી અન્વયે રાજ્યની પ્રાથમિક શાળાઓમાં સંગીતના અંશકાલીન શિક્ષકોની નિમણૂંક માટે પણ મંજૂરી આપવામાં આવેલ છે. આ વિષય બાબતે વિસ્તૃત ચર્ચા કરતા **સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળામાં ખાલી જગ્યાઓ ઉપર માનદ વેતનથી પ્રવાસી શિક્ષકો નોકરી કરવા આવી શકે તેમજ પોતાનું યોગદાન આપી શકે તેવી નીતિ તૈયાર કરવા સમિતિ ભલામણ કરે છે.**

વધુમાં, **બિન સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓની અનિયમિત નિમણૂંક નિયમિત કરવા તેમજ જે શાળાઓમાં શિક્ષકોની ઘટ છે તે જગ્યાઓ પૂર્ણ સમયના શિક્ષકથી ભરવા સમિતિ ભલામણ કરે છે.**

૨૩. ઉક્ત તપાસ દરમિયાન સમિતિએ શિક્ષકોના તાલીમ વર્કશોપ, બાલવાટીકાને લગતા પ્રશ્નો, શિક્ષકોના વિવિધ તબક્કાના મહેકમ, સ્કુલના ઈન્ફ્રાસ્ટ્રકચર, સેકન્ડરી લેવલ એજ્યુકેશનમાં ડ્રોપઆઉટ રેશિયો, રાઈટ ટુ એજ્યુકેશનને લગતા વિવિધ પ્રશ્નો અને યોજનાઓ અંગે વિગતવાર ચર્ચા કરી હતી.

વિભાગે તેના લેખિત સાહિત્યમાં ગુજરાત રાજ્યની સરકારી અને બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અનુદાન સહાયની ચૂકવણી તેમજ સરકારી અને બિન-સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ખાલી જગ્યાઓ ઉપર માનદ વેતનથી પ્રવાસી શિક્ષકો નિમવાની કામગીરીની વિગતો દર્શાવી હતી. સમિતિની તા.૦૧/૦૮/૨૦૨૩ની બેઠકમાં આ બાબતે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. સમિતિએ આર.એમ.એસ.એ વિશે પૃચ્છા કરતા વિભાગના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે, સન ૨૦૦૯માં રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન શરૂ થયું હતું. તે વખતે ૫ કીલોમીટરના વિસ્તારમાં માધ્યમિક શાળાઓ ન હોય તો એની માપણી કરી આર.એમ.એસ.એ. શાળાઓ શરૂ કરી હતી. આવી ૧૩૪૪ શાળાઓ શરૂ થયેલ છે.

૨૪. સમિતિની બેઠકમાં શાળાઓમાં શિક્ષકોની અને સ્ટાફના ઘટને કારણે ઉભી થતી પરિસ્થિતિ વિશે પણ ચર્ચા કરવામાં આવી હતી. ચર્ચા દરમિયાન વિભાગના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે, સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળામાં ખાલી જગ્યાઓ ઉપર માનદ વેતનથી પ્રવાસી શિક્ષકો નિમવાની કામગીરી કરવામાં આવે છે. પ્રવાસી શિક્ષક યોજનાના વિકલ્પ તરીકે જ્ઞાન સહાય યોજના છે. શાળાના શૈક્ષણિક સમય ઉપરાંત

વધારાનો સમય શાળામાં રોકાઈ ઉપચારાત્મક શિક્ષણ, મૂલ્યાંકન, તાલીમ, હોમ લર્નિંગ સહિતની તમામ પ્રકારની શૈક્ષણિક અને સહ શૈક્ષણિક વગેરે પ્રવૃત્તિઓ કરવાના હેતુસર સરકારશ્રીના મંજૂર થયેલ મહેકમ પર નિયમિત નિમણૂક ન થાય ત્યાં સુધી **Merit Cum Preference**ના આધારે જ્ઞાન સહાયકની નિમણૂક કરવામાં આવશે. વધુમાં, આ કરાર ૧૧ મહિનાનો રહેશે. વિભાગના પ્રતિનિધિએ માહિતી આપતા જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ખેલકુદ સ્પર્ધામાં ગુજરાતના વિદ્યાર્થીઓ વધુમાં વધુ સંખ્યામાં પ્રતિનિધિત્વ કરી નોંધપાત્ર સિધ્ધિઓ હાંસલ કરી શકે તે હેતુથી આઉટસોર્સિંગથી ખેલ સહાયકની નિમણૂંક પણ કરવામાં આવનાર છે. સમિતિની બેઠકમાં જ્ઞાન સહાયક અને ખેલ સહાયકની નિમણૂંક વિશે પણ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. **શારીરિક શિક્ષણની સાથે સાથે એક કરતા વધારે રમતનું જે જ્ઞાન ધરાવે છે તેવી વ્યક્તિની ખેલ સહાયક તરીકે નિમણૂંક કરવા સમિતિ ભલામણ કરે છે.**

૨૫. જે શાળાઓમાં કલાર્ક નથી તેવી શાળાઓમાં શિક્ષકને શિક્ષણ સિવાયની વધારાની કામગીરી સોંપી દેવામાં આવે છે. જેના કારણે સમયના અભાવે શિક્ષકો તેમના વિષયને પૂરતો ન્યાય આપી શકતા નથી. આથી શિક્ષણ ઉપર અને વિદ્યાર્થીઓના અભ્યાસ ઉપર અસર પડે છે. સમિતિએ ચર્ચા દરમિયાન **જે શાળામાં કલાર્ક ન હોય ત્યાં શિક્ષકને તે જવાબદારી આપવામાં આવે છે અને તેના પરિણામો શિક્ષણમાં વિક્ષેપ પડે છે આ પરિસ્થિતિનું નિર્માણ ન થાય તે માટે આગોતરૂ આયોજન કરી કલાર્કની નિમણૂંક કરવા અને શિક્ષકને શિક્ષણ સિવાયની વધારાની કામગીરી સોંપવામાં ન આવે તેવી સમિતિ ભલામણ કરે છે.**

૨૬. સમિતિની ઉક્ત બેઠકમાં શ્રેષ્ઠ શાળા પ્રોત્સાહન યોજના, હેલ્થકાર્ડ યોજના, જ્ઞાન સાધના સ્કોલરશીપ વિશે વિગતે ચર્ચા કરવામાં આવી હતી. વિભાગના પ્રતિનિધિએ રાજયની બિન સરકારી અનુદાનિત શાળાઓ તથા સરકારી અનુદાનિત શાળાઓ તથા સરકારી શાળાઓમાં દિવ્યાંગ બાળકો માટે સ્પેશ્યિલ એજ્યુકેટરની નિમણૂક માટેની વહીવટી મંજૂરી મળતા તેના ભરતી નિયમો તૈયાર થઈ રહ્યાં છે તેમ જણાવ્યું હતું. **રાજ્યની બિન સરકારી અનુદાનિત શાળાઓ તથા સરકારી શાળાઓમાં દિવ્યાંગ બાળકો માટે સ્પેશ્યિલ એજ્યુકેટરની નિમણૂંક માટેના ભરતી નિયમો તૈયાર કરી ઝડપી ભરતી પ્રક્રિયા પૂર્ણ કરવા સમિતિ ભલામણ કરે છે.**

૨૭. સમિતિની ઉક્ત બેઠકમાં શ્રેષ્ઠ શાળા પ્રોત્સાહન યોજના વિશે ચર્ચા કરવામાં આવી હતી. જિલ્લા કક્ષાએથી પ્રથમ ક્રમે પસંદગી પામેલ શાળાને રાજ્યકક્ષાની કોર સમિતિ દ્વારા મૂલ્યાંકન કરી રાજ્યની ૩ શ્રેષ્ઠ શાળાઓ પસંદ કરવામાં આવે છે. જેમાં પ્રથમ, દ્વિતિય અને તૃતિય શાળાને અનુક્રમે રૂ.૫,૦૦,૦૦૦, રૂ.૩,૦૦,૦૦૦ અને રૂ.૨,૦૦,૦૦૦નું પ્રોત્સાહન ઇનામ આપવામાં આવે છે. રાજ્યની બે હજાર જેટલી શાળાઓને 'એ' અથવા 'એ' પ્લસ ગ્રેડ મળેલ છે આગામી ચાર થી પાંચ વર્ષમાં ૧૫ હજાર કરતા વધારે શાળાઓને 'શ્રેષ્ઠ' શાળા તરફ લઈ જવાની દ્રષ્ટિ સાથેનો આ કાર્યક્રમ છે. તેમ વિભાગના પ્રતિનિધિએ જણાવ્યું હતું. આ

તબક્કે અંતરિયાળ વિસ્તારના ગામડાના બાળકો પણ શિક્ષણથી વંચિત ન રહી જાય તે માટેનું અસરકારક આયોજન કરવા સમિતિ ભલામણ કરે છે.

૨૮. ભારતીય સંરક્ષણદળમાં અધિકારી તરીકે તાલીમમાં જોડવા માટે ગુજરાત રાજ્યની કોઈપણ શાળામાંથી ધોરણ ૧૨ પાસ કરેલ હોય અને ગુજરાતના વતની હોય તેવા યુવાનોને વન ટાઈમ કેશ એવાર્ડ આપવામાં આવે છે બજેટમાં આ બાબતે રૂ.૨૫.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે તેમ વિભાગના પ્રતિનિધિએ જણાવ્યું હતું. સમિતિની બેઠકમાં રક્ષાશક્તિ સ્કુલો વિશેની ચર્ચાના તબક્કે સમિતિએ સૂચન કર્યું હતું કે, બધી સ્કુલોમાં દીકરીઓને સ્વરક્ષણની તાલીમ મળે તેવું આયોજન કરવું જોઈએ. સમિતિની બેઠકમાં વિભાગના પ્રતિનિધિએ સંસ્કૃત સાધના યોજના વિશે પણ માહિતી આપી હતી. સમિતિએ જે શાળાઓ તોડવામાં આવી છે તેની કામગીરી ઝડપથી પૂર્ણ કરવા પણ સૂચન કર્યું હતું. સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત પ્રાથમિક શાળા અને માધ્યમિક શાળા અને માધ્યમિક શાળાઓમાં વર્ગખંડો, શૌચાલય, બીઆરસી ભવન, CWSN શૌચાલય, છોકરીઓ માટે રહેવાની સુવિધા તથા સ્ટાફ ક્વાટર્સનું બાંધકામ આવે છે રાજ્યની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં ખૂટતા વર્ગખંડોના બાંધકામ તથા માળખાકીય ભૌતિક સુવિધાઓમાં વધારો કરવા તથા મંજૂર થયેલા કામો ત્વરિત પૂર્ણ કરવા સમિતિ ભલામણ કરે છે. આદિવાસી વિસ્તારના છેવાળાના અંતરિયાળ તેમજ દરિયાઈ વિસ્તારના ગામોમાં ટ્રાન્સ્પોર્ટેશનની સગવડ વધારી શાળાઓમાં હાયર સેકન્ડરી ડ્રોપ આઉટનો રેશિયો ઘટાડવા પણ સમિતિ ભલામણ કરે છે. આ ઉપરાંત શાળાઓના મહેકમમાં ગ્રંથાલય અને પ્રયોગશાળા મદદનીશની જગ્યા ભરવા તેમજ ગ્રાન્ટ ઇન શાળાઓમાં વર્ગખંડો વધારવા અંગેની દરખાસ્તો સંદર્ભે જરૂરી વહીવટી પ્રક્રિયા ઝડપી હાથ ધરવા સમિતિ ભલામણ કરે છે.

૨૯. સમિતિની તા.૦૯/૧૦/૨૦૨૩ના રોજની બેઠકમાં ગુજરાત પબ્લિક યુનિવર્સિટી નવો એક્ટ જે તા.૦૯/૧૦/૨૦૨૩થી અમલમાં આવ્યો છે તેના પર વિસ્તૃત ચર્ચા સમિતિએ કરી હતી. તદ્ઉપરાંત વિવિધ હેડ હેઠળના ખર્ચ અને અંદાજો, સરકારી કોલેજોમાં અધ્યાપકોનું મહેકમ તેમજ નવી કોલેજોના બિલ્ડીંગના બાંધકામ અને રિનોવેશનને લગતી બાબતો તેમજ આદિજાતિ વિસ્તારોમાં સરકારી કોલેજોને લગતા પ્રશ્નો અને વિવિધ યોજનાઓ અંગે સમિતિએ વિગતવાર ચર્ચા કરી હતી. સમિતિની બેઠકમાં વિભાગના પ્રતિનિધિએ માહિતી આપતા જણાવ્યું હતું કે, ગુજરાત કોમન એડમિશન સર્વિસીસ પોર્ટલ દ્વારા વિદ્યાર્થી જુદી જુદી જગ્યાએ ફોર્મ ભરી પોતાની પસંદગી આપી શકશે. સમિતિએ કોમ્પ્યુટર લેબમાં આસિસ્ટન્ટની ભરાયેલ જગ્યા વિશે પણ પૃચ્છા કરી હતી. સમિતિએ કોલેજમાં મંજૂર થયેલ મહેકમ મુજબ નિયમિત ધોરણે અધ્યાપકોની નિમણૂંક થાય તેવું સૂચન કર્યું હતું. સમિતિની બેઠકમાં વિભાગના પ્રતિનિધિએ માહિતી આપી હતી કે, સરકારી કોલેજો, અનુદાનિત કોલેજોમાં ઇનોવેશન કલબમાં ૧૦ પ્રકારની અલગ અલગ કીટો આપવામાં આવે છે. જેમાં કાર્પેન્ટીંગ વર્ક, રોબોટીક્સ, થ્રીડી પ્રિન્ટર કરવા વગેરેની તાલીમ આપવામાં આવે છે. ઉપરાંત કાઉન્સેલિંગ અને ફિનિસિંગ સ્કુલમાં ત્રીજા વર્ષના વિદ્યાર્થીને ઇન્ટરવ્યુ ફેસ કરી શકે તે માટે પર્સનાલિટી ડેવલપમેન્ટનો

આખો આયામ છે. સપ્તધારા પ્રવૃત્તિમાં સાત ધારા સંગીત, રમત ગમત, સિંગિંગ જેવી સાત અલગ અલગ પ્રવૃત્તિ કરાવવામાં આવે છે. જેથી યુવક મહોત્સવમાં વિદ્યાર્થી/વિદ્યાર્થીની ભાગ લઈ શકે. આ તબક્કે સમિતિના ધ્યાને આવેલ હતું કે ગ્રાન્ટનો સમયસર ઉપયોગ ન થવાને કારણે અંદાજિત કાર્યો પૂર્ણ કરી શકાતા નથી આથી <u>અંદાજ પાછળ રહેલી નીતિ સાથે સુસંગત રહીને અગાઉથી આયોજન કરી જોગવાઈ કરવામાં આવેલ ગ્રાન્ટ નિયત સમય મર્યાદામાં વાપરવા અને કામો પરિપૂર્ણ કરવા સમિતિ ભલામણ કરે છે.</u>

૩૦. સમિતિની તપાસ અર્થે વિભાગના અધિકારીઓએ બેઠકમાં ઉપસ્થિત રહીને સમિતિને શક્ય તેટલી માહિતી પૂરી પાડવા અંગે તેમજ આપેલ સહકારની નોંધ લઈ સમિતિએ તપાસ પૂરી જાહેર કરી.

૩૧. સમિતિની બેઠકોમાં નાણા વિભાગના પ્રતિનિધિઓ ખાસ આમંત્રણથી હાજર રહી સમિતિના કામકાજમાં આપેલ સહાય બદલ સમિતિ તેમનો આભાર વ્યક્ત કરે છે.

૩૨. સમિતિની બેઠકો દરમિયાન સંબંધિત વિભાગના સચિવશ્રીઓ તથા અન્ય અધિકારીઓએ સમિતિની બેઠકમાં ઉપસ્થિત રહીને સમિતિને શક્ય તેટલી માહિતી પૂરી પાડીને સમિતિને કરેલ સહાય બદલ સમિતિ તેમનો આભાર માને છે.

૩૩. ગુજરાત વિધાનસભા સચિવાલયના અધિકારીઓ અને કર્મચારીઓએ સમિતિના કામકાજમાં આપેલ સહકારની પણ સમિતિ નોંધ લે છે.

શ્રીમતી મનીષા વકીલ
પ્રમુખ
અંદાજ સમિતિ

ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

તા. ૦૨/૦૨/૨૦૨૪

## મુખ્ય નિર્ણયો / ભલામણોનો સારાંશ

| ક્રમ નં. | સંદર્ભ ફકરા ક્રમાંક | નિર્ણયો/ ભલામણો |
|---|---|---|
| નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ(પાણી પુરવઠા વિભાગ) | | |
| ૧ | ૪ | આદિવાસી વિસ્તારો કે, જે જંગલ વિસ્તારો સાથે જોડાયેલા છે તેવા વિસ્તારો માટે પાણીના નવા સ્ત્રોત ઉભા કરવા જરૂરી છે જે માટે સિંચાઈ વિભાગ, વન વિભાગ અને નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ(પાણી પુરવઠા વિભાગ) ભેગા થઈ વન વિભાગને ગ્રાન્ટ આપે તો તે વિસ્તારોમાં પીવાના પાણીના નવા સ્ત્રોત ઉભા કરી શકાય. આ અંગે જરૂરી કાર્યવાહી કરવા સમિતિ ભલામણ કરે છે. |
| ૨ | ૫ | પાઈપ લાઇનમાં જ્યાંથી પાણી દાખલ થાય છે. ત્યાં મીટર મૂકવું જોઇએ કે જેથી પાણી કેટલુ આપ્યું, પાણીનો જથ્થો કેટલો પહોંચ્યો અને રસ્તામાં પાણી ક્યાં લીકેજ થયું તે જાણી શકાય. તદ્દપરાંત ઘર સુધી મીટર જાય એમાં ઘરના માણસો નોંધાયેલા હોવા જોઈએ અને તેનો ક્રાઈટેરિયા નિયત કર્યા પછી પાણીનો ભાવ સબસિડાઇઝડ લેવો જોઇએ. આ રીતે સરકાર પાણીનો બગાડ અટકાવી શકે છે તે મુજબની જરૂરી કાર્યવાહી કરવા સમિતિ ભલામણ કરે છે.<br><br>વધુમાં , સમગ્ર ગુજરાતમાં વાસ્મો દ્વારા પાઈપ લાઈનનું નેટવર્ક પૂર્ણતાના આરે છે. આથી આ નેટવર્ક દ્વારા વહેલીમાં વહેલી તકે પાણીનો સ્ત્રોત ઉપલબ્ધ થાય અને ઘરે-ઘરે પાણી વિતરણ થઈ શકે તે માટેની વ્યવસ્થા ગોઠવવા સમિતિ ભલામણ કરે છે. |

| | | |
|---|---|---|
| ૩ | ૭ | ગામની પોતાની આંતરિક સ્કીમની જોગવાઈમાં બોર ફેઈલ થવા કે, પમ્પીંગ મશીનરી બંગડવાના કિસ્સામાં ગ્રામ પંચાયત રજૂઆત કરે તો તેનું રીપ્લેસમેન્ટ વિભાગ કરી આપે છે. જેમાં જનરલમાં દસ ટકા અને એસ.સી. વિસ્તારમાં અઢી ટકા રકમ લોકફાળા સ્વરૂપે લેવામાં આવે છે. આ તબક્કે સમિતિ ભલામણ કરે છે કે, રીજ્યુએશન સ્કીમ નીચે એસ.સી. વિસ્તારોમાં અઢી ટકા લોકફાળો લેવામાં આવે છે, એમાંથી મુક્તિ આપવી જોઈએ. |
| | | ગૃહ વિભાગ |
| ૪ | ૧૧ | ધારાસભ્યે પોતાની ગ્રાન્ટમાંથી સી.સી.ટી.વી. કેમેરા માટે આપેલ રકમમાંથી ૧૦ થી ૧૫ ટકા મરામત માટે અલગ રાખી સરકાર પાસેથી તેની મંજૂરી મેળવી લેવી તેમજ તેની દેખભાળ પણ પોલીસ રાખે જેથી તેના મેન્ટેનસ અને મંજૂરીને લગતા વહીવટી પ્રશ્નો હલ થાય અને તેનું અમલીકરણ સારી રીતે થાય. |
| ૫ | ૧૪ | તકેદારી આયોગની કામગીરી ઝડપી થાય તે માટેના સુધારા સૂચવવા અને આયોગને મજબૂત કરવા માટેના પગલા લેવા સમિતિ ભલામણ કરે છે. |
| ૬ | ૧૫ | સમિતિ ભલામણ કરે છે કે, એટ્રોસીટીની ફરિયાદમાં જે જમીન છે તે કોઈએ દબાવેલી છે કે, નહિ તે નક્કી કરવા બાબતે મહેસૂલ વિભાગ તાત્કાલિક કાર્યવાહી કરે જેથી પોલીસ તેની કાર્યવાહી ઝડપથી કરી શકે. |
| ૭ | ૧૬ | સમિતિની બેઠકમાં પોલીસ સલાહકાર સમિતિની વર્ષમાં દર ત્રણ મહિને બેઠક બોલાવવાની જોગવાઈ છે તે જોગવાઈનો અમલ કરી નિયમિત રીતે બેઠક બોલાવવા સમિતિ ભલામણ કરે છે. |
| | | શિક્ષણ વિભાગ |
| ૮ | ૧૯ | શિક્ષણની પધ્ધતિ દર વર્ષે બદલાતી હોય છે શિક્ષકો શિક્ષણની અદ્યતન પધ્ધતિથી માહિતગાર થાય તે માટે શિક્ષકોના અપગ્રેડેશન માટેના વર્કશોપ જે દર ૫ વર્ષે થાય છે તેના સ્થાને દર વર્ષે કરવા સમિતિ ભલામણ કરે છે. |

| | | |
|---|---|---|
| ૯ | ૨૦ | બાલવાટીકામાં જે બાળકો પ્રવેશ મેળવવાના છે તેની અલગથી સુવિધા માટે અગાઉથી આયોજન કરવા ભલામણ કરે છે. |
| ૧૦ | ૨૦ | રાજ્યમાં જેટલી સ્કૂલો છે તેની ઘટતી ભૌતિક સુવિધાઓ ધ્યાન ઉપર લાવી તેમાં જરૂરી સુધારો કરીને એજ્યુકેશન અને ઇન્ફ્રાસ્ટકચરમાં અગ્રેસર રહેવાની સમિતિ ભલામણ કરે છે. |
| ૧૧ | ૨૧ | શિક્ષક સંઘોના પ્રતિનિધિઓની શાળાઓમાં પાંખી હાજરીની પરિસ્થિતિ નીવારવા તેમજ શિક્ષક સંઘોના પ્રતિનિધિઓ શાળામાં નિયમિત હાજરી આપે તે માટે જરૂરી પરિપત્ર કરી સૂચનાઓ પ્રસિધ્ધ કરવા સમિતિ ભલામણ કરે છે. |
| ૧૨ | ૨૨ | સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળામાં ખાલી જગ્યાઓ ઉપર માનદ્ વેતનથી પ્રવાસી શિક્ષકો નોકરી કરવા આવી શકે તેમજ પોતાનું યોગદાન આપી શકે તેવી નીતિ તૈયાર કરવા સમિતિ ભલામણ કરે છે. |
| ૧૩ | ૨૨ | બિન સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓની અનિયમિત નિમણૂંક નિયમિત કરવા તેમજ જે શાળાઓમાં શિક્ષકોની ઘટ છે તે જગ્યાઓ પૂર્ણ સમયના શિક્ષકથી ભરવા સમિતિ ભલામણ કરે છે. |
| ૧૪ | ૨૪ | શારીરિક શિક્ષણની સાથે સાથે એક કરતા વધારે રમતનું જે જ્ઞાન ધરાવે છે તેવી વ્યક્તિની ખેલ સહાયક તરીકે નિમણૂંક કરવા સમિતિ ભલામણ કરે છે. |
| ૧૫ | ૨૫ | જે શાળામાં કલાર્ક ન હોય ત્યાં શિક્ષકને તે જવાબદારી આપવામાં આવે છે અને તેના પરિણામો શિક્ષણમાં વિક્ષેપ પડે છે આ પરિસ્થિતિનું નિર્માણ ન થાય તે માટે આગોતરૂં આયોજન કરી કલાર્કની નિમણૂંક કરવા અને શિક્ષકને શિક્ષણ સિવાયની વધારાની કામગીરી સોંપવામાં ન આવે તેવી સમિતિ ભલામણ કરે છે. |
| ૧૬ | ૨૬ | રાજ્યની બિન સરકારી અનુદાનિત શાળાઓ તથા સરકારી શાળાઓમાં દિવ્યાંગ બાળકો માટે સ્પેશિયલ એજ્યુકેટરની નિમણૂંક માટેના ભરતી નિયમો તૈયાર કરી ઝડપી ભરતી પ્રક્રિયા પૂર્ણ કરવા સમિતિ ભલામણ કરે છે. |

| | | |
|---|---|---|
| ૧૭ | ૨૭ | અંતરિયાળ વિસ્તારના ગામડાના બાળકો પણ શિક્ષણથી વંચિત ન રહી જાય તે માટેનું અસરકારક આયોજન કરવા સમિતિ ભલામણ કરે છે. |
| ૧૮ | ૨૮ | રાજ્યની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં ખૂટતા વર્ગખંડોના બાંધકામ તથા માળખાકીય ભૌતિક સુવિધાઓમાં વધારો કરવા તથા મંજૂર થયેલા કામો ત્વરિત પૂર્ણ કરવા સમિતિ ભલામણ કરે છે. |
| ૧૯ | ૨૮ | આદિવાસી વિસ્તારના છેવાળાના અંતરિયાળ તેમજ દરિયાઈ વિસ્તારના ગામોમાં ટ્રાન્સ્પોર્ટેશનની સગવડ વધારી શાળાઓમાં હાયર સેકન્ડરી ડ્રોપ આઉટનો રેશિયો ઘટાડવા પણ સમિતિ ભલામણ કરે છે. |
| ૨૦ | ૨૮ | શાળાઓના મહેકમમાં ગ્રંથાલય અને પ્રયોગશાળા મદદનીશની જગ્યા ભરવા તેમજ ગ્રાન્ટ ઇન શાળાઓમાં વર્ગખંડો વધારવા અંગેની દરખાસ્તો સંદર્ભે જરૂરી વહીવટી પ્રક્રિયા ઝડપી હાથ ધરવા સમિતિ ભલામણ કરે છે. |
| ૨૧ | ૨૯ | અંદાજ પાછળ રહેલી નીતિ સાથે સુસંગત રહીને અગાઉથી આયોજન કરી જોગવાઈ કરવામાં આવેલ ગ્રાન્ટ નિયત સમય મર્યાદામાં વાપરવા અને કામો પરિપૂર્ણ કરવા સમિતિ ભલામણ કરે છે. |

................................